# શું એક ફિલ્મ ઈતિહાસથી વધુ ખતરનાક હોઈ શકે? ‘સતલજ’ અને આપણી લોકતાંત્રિક બેચેની

ફાયરવોલ
રાજ ગોસ્વામી

ઘણીવાર કોઈ ફિલ્મની અસલી ઉપલબ્ધિ તેનું બોક્સ ઓફિસ પરફોર્મન્સ નથી હોતું, બલ્કે તેની આસપાસ ઊભા થતા પ્રશ્નો, ચર્ચા અને મતભેદો હોય છે. પંજાબી-હિન્દી ફિલ્મોના અભિનેતા અને ગાયક દિલજીત દોસાંજ અભિનીત અને વિશાલ ભારદ્વાજના સહાયકમાંથી સ્વતંત્ર નિર્દેશક બનેલા હની ત્રેહનની ‘સતલજ’ આવી જ એક ફિલ્મ છે (જેનું મૂળ નામ ‘પંજાબ-95’ હતું). આ એવી જૂજ ફિલ્મોમાંથી એક છે, જેની ચર્ચા તેની કહાનીને લઈને નહીં, પણ તેની રિલીઝ, સેન્સરશિપ અને અચાનક ગાયબ થઈ જવાને લઈને છે.

અલબત્ત, તેના કેન્દ્રમાં તેની કહાની જ છે–એ કહાની, જેનાં મૂળ પંજાબના લોહિયાળ ભૂતકાળમાં છે. પંજાબ એક એવો જખમ છે, જે થોડા-થોડા સમયે ફરીથી જીવંત થઈ ઊઠે છે. પંજાબમાંથી આતંકવાદનો સફાયો તો થયો છે, પણ ખાલિસ્તાનનું ભૂત ક્યારેક-ક્યારેક ધૂણી ઊઠે છે.

આ ફિલ્મ, જે ત્રણ વર્ષ સુધી સેન્સર બોર્ડમાં અટવાયેલી રહી અને 120 કટ તથા નવા નામ સાથે થિયેટરમાં રિલીઝ થવાની હતી, પરંતુ તેના નિર્માતાઓએ એક પણ કટ વગર તેને માત્ર ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ કરવાનું પસંદ કર્યું. જોકે, 48 કલાકમાં જ તેને ભારતમાં પ્લેટફોર્મ પરથી હટાવી દેવામાં આવી. આ આખી કહાની કોઈ રાજકીય થ્રિલરની પટકથા જેવી લાગે છે. વિડંબના એ છે કે આ બધું એ ફિલ્મ સાથે થયું છે, જેનો વિષય જ એવી વ્યક્તિ છે, જેણે સત્તાને ન ગમે તેવા સવાલો પૂછ્યા હતા.


‘સતલજ’ કોઈ કાલ્પનિક કહાની નથી. તે જશવંત સિંહ ખાલડાના જીવન પર આધારિત છે. અમૃતસરના એક બેંક કર્મચારીમાંથી માનવાધિકાર કાર્યકર બનેલા ખાલડાએ 1990ના દાયકામાં એ કામ કર્યું હતું, જે કરવાનું તે સમયની કોઈ સરકારી એજન્સીએ પણ સાહસ કર્યું નહોતું. અલબત્ત, ખાલડાનું જીવન અને કામ વિવાદો તથા શંકા-કુશંકાઓથી મુક્ત નથી. તેમના દાવાઓને પણ દરેકે ગંભીરતાથી સ્વીકાર્યા નહોતા.

તેમણે પંજાબ પોલીસના રેકોર્ડ્સ અને સ્મશાનઘાટોના દસ્તાવેજો તપાસીને દાવો કર્યો હતો કે પંજાબ પોલીસના આતંકવાદ વિરોધી અભિયાન દરમિયાન હજારો અજ્ઞાત લોકોના અંતિમ સંસ્કાર તેમની ઓળખ સાબિત કર્યા વગર અને કાનૂની પ્રક્રિયાનું પાલન કર્યા વગર કરી દેવામાં આવ્યા હતા.

તેમણે અંદાજે 25,000 જેટલા ગેરકાયદેસર દાહસંસ્કારના દસ્તાવેજોની તપાસ કરી હતી અને એવું પણ કહ્યું હતું કે આવી હત્યાઓમાં સામેલ થવાનો ઇનકાર કરનારા લગભગ 2,000 પોલીસ જવાનોને પણ મારી નાખવામાં આવ્યા હતા. ખાલડા આ મામલો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મંચો સુધી લઈ ગયા હતા.

સ્વાભાવિક રીતે જ, અમુક લોકોને તેમનું કામ ખૂંચ્યું હતું. 1995માં ખાલડાનું અપહરણ કરવામાં આવ્યું અને તેમની હત્યા કરી નાખવામાં આવી. વર્ષો સુધી ચાલેલી ન્યાયિક પ્રક્રિયા પછી અમુક પોલીસ અધિકારીઓને દોષિત પણ ઠેરવવામાં આવ્યા હતા. આ કારણથી જ જશવંત સિંહ ખાલડા એક વ્યક્તિમાંથી રાજ્યની જવાબદેહી અને માનવાધિકારોની ચર્ચાનું એક પ્રતિક બની ગયા છે.

અહીંથી ‘સતલજ’ એક બાયોપિક નથી રહેતી. તે એક એવા કઠોર પ્રશ્નને સ્પર્શ કરે છે, જે દરેક લોકતંત્રની સામે ક્યારેક ને ક્યારેક ઊભો થાય છે–શું રાષ્ટ્રીય સુરક્ષાના નામે રાજ્યની દરેક કાર્યવાહી ટીકા-ટિપ્પણીથી પર થઈ જાય છે? પંજાબનો એ સમય અસાધારણ હિંસાનો હતો. ખાલિસ્તાની આતંકવાદે રાજ્યને હચમચાવી નાખ્યું હતું. સેંકડો પોલીસકર્મીઓ, નાગરિકો અને જનપ્રતિનિધિઓ એમાં હોમાઈ ગયા હતા. સ્વર્ણમંદિરમાં ઓપરેશન બ્લૂ સ્ટાર, ઇન્દિરા ગાંધીની હત્યા અને શીખ વિરોધી તોફાનો પછી સરકારે કઠોર અભિયાન આદર્યાં હતાં. પોલીસને એટલી છૂટ આપવામાં આવી હતી કે કોઈપણ નાના-સરખા કારણસર શકમંદોને આતંકવાદી તરીકે પકડી લેવામાં આવતા. અનેક લોકો માને છે કે આવા કઠોર પગલાં પછી જ પંજાબમાં શાંતિ સ્થાપિત થઈ હતી.




**અમૃતસરના એક બેંક કર્મચારીમાંથી માનવાધિકાર કાર્યકર બનેલા ખાલડાએ 1990ના દાયકામાં એ કામ કર્યું હતું, જે કરવાનું તે સમયની કોઈ સરકારી એજન્સીએ પણ સાહસ કર્યું નહોતું**

પરંતુ એ દરમિયાન નિર્દોષ લોકો પર પોલીસના અત્યાચારની ઘટનાઓ પણ બહાર આવવા લાગી. માનવાધિકાર સંગઠનોએ દાવા કર્યા કે આ સંઘર્ષ દરમિયાન પોલીસે અનેક લોકોને બનાવટી અથડામણોમાં, કસ્ટડીમાં અને ગુપ્ત હત્યાઓ દ્વારા મારી નાખ્યા હતા. ઈતિહાસની તકલીફદાયક ચર્ચાઓ હંમેશાં એવી હોય છે, જ્યાં એક પક્ષ સુરક્ષાની દુહાઈ આપે છે અને બીજો ન્યાયની. ‘સતલજ’ ફિલ્મ આ અઘરા ક્ષેત્રમાં પ્રવેશ કરે છે. આ કારણ જ છે કે સેન્સર બોર્ડ અને ફિલ્મના નિર્માતાઓ વચ્ચેનો વિવાદ કેવળ અમુક સંવાદો અને દૃશ્યોને લઈને નહોતો. સેન્સર બોર્ડે ફિલ્મમાં 120 કટ્સનું સૂચન કર્યું હતું અને નિર્માતાઓ આવી કાપછાંટ માટે તૈયાર નહોતા. તેથી ફિલ્મ વર્ષો સુધી અટવાયેલી રહી. અંતે થિયેટરનો રસ્તો છોડીને (જ્યાં દર્શકો વધુ મળે અને આવક પણ વધુ થાય) તેમણે નાછૂટકે ઓટીટીનો રસ્તો પસંદ કર્યો (જ્યાં સેન્સર બોર્ડનો હુકમ ચાલતો નથી). પરંતુ અહીં પણ સરકારનો અદૃશ્ય હાથ કામ કરી ગયો; ઝી-ફાઈવ પર રિલીઝ થયાના બે જ દિવસમાં તેને હટાવી લેવામાં આવી. જોકે ભારત બહાર તે હજુ પણ ઉપલબ્ધ છે.

ટીવી ચેનલ અને સરકારનું તંત્ર ટેકનિકલ તર્ક આપતું રહ્યું છે, પરંતુ અહીં પ્રશ્ન એ નથી કે ફિલ્મ કેમ હટાવવામાં આવી. મહત્વનો પ્રશ્ન એ છે કે તેને હટાવ્યા પછી શું થયું?

ઘણા લોકોએ ફિલ્મ ડાઉનલોડ કરી લીધી અને ખાનગીમાં જોવા લાગ્યા. ઘણા લોકોએ વીપીએન દ્વારા પોતાનું સ્થાન બદલીને વિદેશી પ્લેટફોર્મ પર ફિલ્મ જોઈ. એટલું જ નહીં, તેઓ એકબીજાને તે ફોરવર્ડ પણ કરવા લાગ્યા.

જે લોકોને પહેલાં જશવંત સિંહ ખાલડાનું નામ પણ ખબર નહોતું, તેઓ હવે તેમના વિશે શોધી-શોધીને વાંચી રહ્યા છે. સોશિયલ મીડિયા પર તેમની ઝુંબેશ, તેમનાં ભાષણો અને પંજાબના એ સમયની ચર્ચાઓ ફરી શરૂ થઈ ગઈ છે. અનેક ગુરુદ્વારાઓ અને સામાજિક સંગઠનોએ જાહેર પ્રદર્શનો પણ કર્યા છે. એક અર્થમાં, જે ફિલ્મની પહોંચ લોકો સુધી મર્યાદિત થઈ ગઈ છે, તેનો વિષય પહેલાં કરતાં વધુ ચર્ચાનો હિસ્સો બની ગયો છે.

ઈતિહાસ સાક્ષી છે કે કોઈ વિચારને જ્યારે દબાવવાનો પ્રયાસ કરવામાં આવે છે, ત્યારે તે વધુ દૃશ્યમાન બની જાય છે. સલમાન રશદીના પુસ્તકથી લઈને અનેક વિવાદાસ્પદ ફિલ્મો સુધી, દુનિયાએ વારંવાર જોયું છે કે પ્રતિબંધ જિજ્ઞાસાને સમાપ્ત કરતો નથી; તે તેને વધુ ભડકાવે છે. ‘સતલજ’નો મામલો એ જ માનસિકતાનું ઉદાહરણ છે.


લોકતંત્રમાં ઈતિહાસ કેવળ સરકારી દસ્તાવેજોથી સમજાતો નથી. તેને અદાલતોના ચુકાદા, પત્રકારત્વ, સાહિત્ય, સંશોધન અને સિનેમા મળીને દસ્તાવેજીકૃત કરે છે. આ તમામ માધ્યમોની પોતાની મર્યાદાઓ છે, પરંતુ તેમની વિવિધતા જ લોકતંત્રને જીવંત રાખે છે.

એટલા માટે ‘સતલજ’ ફિલ્મનો અંતિમ મત પક્ષ કે વિપક્ષમાં ઊભા રહેવાનો નથી. કોઈ દર્શક એવું માની શકે કે ફિલ્મનો દૃષ્ટિકોણ અધૂરો છે, અથવા એવું પણ કહી શકે કે તેણે એક જરૂરી સત્ય સામે મૂક્યું છે. બંને મત લોકતાંત્રિક ચર્ચાનો હિસ્સો છે. પરંતુ કોઈ સમાજને ઈતિહાસ પર બનેલી ફિલ્મ જોવા જ ન મળે, તો એ ચર્ચાનો આધાર જ કમજોર થઈ જાય છે.

# દાન-ચોરીનો મહિમા

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વિશ કોઠારી

**સાઠ-સિત્તેરના દાયકામાં ભારતમાં દાણચોરીની બોલબાલા હતી. હિન્દી ફિલ્મોમાં વિલનો સમાજમાં સેઠ ધરમદાસ તરીકે રજૂ થતા અને ગુપ્ત રીતે દાણચોરીનો ધંધો કરતા હતા. સોનાની દાણચોરીએ દેશને કેટલું નુકસાન કર્યું હશે એ તો ત્યારેના નાણામંત્રીઓ જાણે, પણ હિન્દી ફિલ્મોને બહુ ફાયદો કરાવ્યો એ આપણે સૌ જાણીએ છીએ. એ વાતના ચાર-**




**સોનાની દાણચોરીએ દેશને કેટલું નુકસાન કર્યું હશે એ તો ત્યારેના નાણામંત્રીઓ જાણે, પણ હિન્દી ફિલ્મોને બહુ ફાયદો કરાવ્યો એ આપણે સૌ જાણીએ છીએ**

પાંચ દાયકા પછી હવે દાણચોરીની યાદ અપાવે એવી નવી ચોરી બહાર આવી છે. તે ‘દાનચોરી’ તરીકે ઓળખાય છે. દાણચોરીની જેમ તેમાં પણ સેઠ ધરમદાસ ટાઈપના માણસો કે તેમના માણસો સંકળાયેલા હોય છે અને અસલના દાણચોરોની જેમ દાનચોરો પણ પોતાની કામગીરી વિશે જરાય શરમસંકોચ અનુભવતા નથી.

અયોધ્યાના રામમંદિરમાં આવતા દાનમાં મોટા પાયે (કરોડો રૂપિયાની) ચોરી થઈ, એવા સમાચાર બહાર પડતાં જાણકારોને આઘાત લાગ્યો. સામાન્ય લોકોને કદાચ એ વાતનો આઘાત લાગે કે સરકારના સીધા આશીર્વાદ ધરાવતા મંદિરમાં આવતા દાનમાં ચોરી થઈ, પણ જાણકાર કોને કહ્યા છે? નવી સરકારના નેતાઓ અને તેમની માતૃસંસ્થાની કાર્યપદ્ધતિના જાણકારોને એ વાતની નવાઈ લાગી કે આવી ચોરીના સમાચાર બહાર શી રીતે આવ્યા? બધા જાણે છે કે હાલમાં આંકડાકીય રીતે આઝાદ ભારતનો અને આર્થિક સદ્ધરતાની રીતે સંઘ પરિવારનો અમૃતકાળ ચાલે છે. એટલે, પહેલાં જેમને લાખનાં ફાંફાં હોય તે હવે કરોડો રૂપિયાનો વહીવટ કરતા હોય. એવા સમયે, “આવી નાનીમોટી ચોરીઓ તો થાય, પણ એવી ચોરી બહાર લાવીને પ્રજાની શ્રદ્ધા પર ઘા કરનાર ધર્મદ્રોહી ન ગણાય? તેને કડકમાં કડક સજા ન કરવી જોઈએ?” એવું માનનારો એક ઉત્સાહી વર્ગ મોજૂદ છે. તેમ છતાં, દાનચોરીના સમાચાર બહાર આવે અને થોડાઘણા ચર્ચાય, તે અજાયબી જ ગણાય.

દાનચોરીની વિગતો ખુલ્યા પછી જે પ્રકારે તેની પર પહેલાં ઢાંકપિછોડો, પછી તેનો બચાવ અને પછી તેની ટીકા કરનારાઓ પર આક્રમણ કરતી દલીલો ચાલી, તેને જેમની તેમ મૂકી દેવામાં આવે તો તે કોઈ પણ હાસ્ય-વ્યંગ લેખને ટક્કર મારી શકે. ધારો કે ‘ધ ઓનિયન’ જેવી, સમાચારના સ્વરૂપમાં હાસ્ય-વ્યંગ પીરસતી વેબસાઈટને કે કોઈ સારા હાસ્ય-વ્યંગકારને કહેવામાં આવ્યું હોય કે, “રામમંદિરમાં થયેલી દાનચોરીનો તમારે વ્યાજસ્તુતિમાં વ્યંગાત્મક બચાવ કરવાનો છે, તો તમે તેના બચાવમાં કેવી દલીલો કરશો?”

અને એ લોકો જેવી દલીલો શોધી લાવે, એનાથી પણ ચડિયાતી દલીલો લોકો ગંભીરતાથી કરવા બેસી ગયા. તેની પરથી ખ્યાલ આવે કે દાન ભલે ધાર્મિક બાબત હોય, પણ દાનચોરીનો મામલો સંપૂર્ણપણે ધર્મનિરપેક્ષ છે અને ધાર્મિક સ્થાનોનો વહીવટ કરતા લોકોમાંથી ઘણા કેવળ લક્ષ્મીભક્તો જ હોય છે. કોઈએ ઠપકાના સૂરમાં કહ્યું કે, “તમે આટલી અમથી ચોરીને ક્યાં રડો છો? મોગલોએ આ દેશમાં કેટલી લૂંટ કરી હતી, એની વાત કરો ને.” વર્તમાનની ચોરીને પાંચસો-છસો વર્ષ પહેલાં થયેલી લૂંટ સાથે સરખાવીને વર્તમાન ચોરીને ભૂલી જવા કહેવું એ શાસક પક્ષના આશીર્વાદ ધરાવતી દલીલ છે. એવું ન હોત તો આવી દલીલ કરનારને સરકારે અંદર કરી દીધા હોત. આ દલીલમાં સરકાર અને તેની માતૃસંસ્થાને ગમી જાય એવી બીજી વાત તે મોગલો એટલે કે મુસ્લિમોનો ઉલ્લેખ.

એક તો વર્તમાન ચોરીનો બચાવ કરવાનો અને એ માટે, આઝાદીનાં બસો વર્ષ પહેલાં લૂંટ કરીને બધું બ્રિટન ભેગું કરનાર અંગ્રેજોને નહીં, ભારતમાં જ રહીને ભારતમાં ઈમારતો બનાવનાર મોગલોને આગળ કરવાના. જોકે, આ વાત લખ્યા પછી પાછી ખેંચવાની તીવ્ર ઈચ્છા થાય છે, કારણ કે તેમાં તથ્ય અને તર્ક આવે છે, જેની સાથે વર્તમાન દાનચોરીના બચાવબહાદુરોને કશી લેવાદેવા નથી.


બીજી દલીલ આવી કે, “હિંદુઓએ દાન આપ્યું ને બીજા કેટલાક હિંદુઓ ચાઉં કરી ગયા, તેમાં આટલો બધો કકળાટ કેમ?” કેટલી વિશાળ ધર્મભાવના અને ધર્મની કેટલી ઉદાર સમજણ! આ તો હિંદુ-હિંદુનો એટલે કે ઘરનો મામલો થઈ ગયો. એ જ દલીલ આગળ વધારીને, ૭૮ ટકા હિંદુ વસ્તી ધરાવતા દેશમાં પોલીસની અને અદાલતોની સંખ્યા સાવ ઘટાડી શકાય; કારણ કે, હિંદુ હિંદુનું ખૂન કરે, હિંદુ હિંદુને ત્યાં ચોરી કરે કે હિંદુ હિંદુના ધારાસભ્યો ઉપાડી જાય, તો એ પણ ઘરનો જ મામલો થાય. તેમાં કાયદાને શી લેવાદેવા?

ત્રીજી દલીલ તો વળી ધાર્મિકતાની હદ જેવી હતી. એ કરનારે કહ્યું કે, “દાન આપનારે સાચા મનથી દાન નહીં આપ્યું હોય, એટલે તેમના દાનની ચોરી થઈ.” ખરેખર તો દલીલ કરનારે બહુ ઉદારતાથી કામ લીધું ગણાય. બાકી, વર્તમાન ભારતમાં જે રીતે શાસન ચાલે છે તે જોતાં, સરકાર તપાસપંચ બેસાડીને આવી રીતે કમને (કે સરકારના દબાણથી) દાન આપનારની યાદી તૈયાર કરાવી શકે, એવા લોકો પર ઈડીના દરોડા પડાવી શકે, તેમને રાષ્ટ્રીય સુરક્ષા ધારા હેઠળ, ઉમર ખાલિદની માફક, વગર કેસ ચલાવ્યે જેલમાં પૂરી શકે, તેમનાં ઘર પર બુલડોઝર ચલાવી શકે અને દાનની રકમથી અનેક ગણી વધુ રકમ ભાજપના ચૂંટણીભંડોળમાં આપવાની ફરજ પાડી શકે... સાર એટલો કે માણસ ગમે તેટલા મેલા મનનો અને ખોટી દાનતનો હોય, પણ તેને ભાજપના વોશિંગ મશીન થકી સ્વચ્છ થવાની તક મળવી જોઈએ કે નહીં? તેના પર ફક્ત મોટા કૌભાંડીઓ અને વિરોધ પક્ષના નેતાઓનો જ અધિકાર થોડો હોય?

## ઈશિતાનું અલકમલક

### ભરથાર ભાડે આપવાનો છે જોઈએ છે?

ધારી લો કે કોઈ પત્નીને અનાયાસ ખબર પડી જાય કે એનો ભરથાર આજકાલ બીજે બહાર ક્યાંક રોજ ‘રાસ રમી’ને’ મોડેથી ઘેર પહોંચે છે. આ માહોલમાં શું થાય? દરેક પતિ-પત્નીએ કલ્પના કરી હોય એવી જ સ્થિતિ રોજ ઘરમાં સર્જાય. પત્ની પહેલાં પોતાની શંકા વ્યક્ત કરે- પતિ ઘસીને એનો ઈન્કાર કરે. પછી પત્ની પુરાવા પેશ કરે ને સાથોસાથ ગરમાગરમ દલીલ (હકીકતમાં તો પતિને આપેલો એ સીધો ધોબીપછાડ દાવ



જ હોય!) પરિણામે પતિ એની અર્ધાગિનીની વાત નતમસ્તક સ્વીકારી લે અને પત્નીના ગળાના સમ ખાઈને કહે કે ‘બીજી વાર એ આવી ભૂલ નહીં કરે એને ડાહ્યો થઈને રાતના ઘરમાં જ રહેશે...’ પત્ની શરૂઆતનમાં પતિની વાત માની લે, પણ પછી એને ખબર પડે કે એના પતિદેવ અન્ય મહિલા સાથે રાતે કરવાનાં ‘પાપ’ દિવસ દરમિયાનના એના ઓફિસ અવર્સમાં જ પતાવી લે છે! ધંધાદારી જાસૂસને ભાડે રાખીને પત્નીએ શોધી કાઢ્યું કે એના પતિની લવર ખમતીધર છે અને ખરેખર એના પતિ પાછળ પાગલ છે. આવા પતિને ડિવોર્સ આપીને છૂટ્ટો છોડી દેવામાં નુકસાની હતી. પોતાની મિલકતરૂપી પતિનો એની પેલી પ્રેમિકા મફતમાં લાભ લેતી હતી એટલે સ્માર્ટ પત્નીએ પતિ એની પ્રેમિકાને સાથી બેસાડીને એક પ્રપોઝ મૂકી કે પેલા બન્ને સંબંધ રાખી શકે છે, પણ એના માટે લેડી લવરે દર મહિને ૮૫ હજાર રૂપિયાનું ‘ભાડુ’ પત્નીને ચૂકવવું પડશે! આ સ્ત્રીના પતિ પાછળ એની લવર એવી પાગલ છે કે એણે આ વાત તરત જ માની પણ ગઈ! પત્નીએ ત્રણેય પક્ષની સહી સાથે એમને સાંકળી લેતું એક ‘રેન્ટલ એગ્રીમેન્ટ’ બનાવીને રજીસ્ટર કરાવવા કોર્ટમાં પેશ કર્યું. અહીં સુધી તો બધુ બરાબર હતું, પણ કરમની કઠણાઈ એ છે કે આ કિસ્સો બેંગકોકનો છે. અહીં થાઈલેન્ડના નિયમોનુસાર આવા કરાર ત્યાંના મેરેજ એક્ટની વિરુદ્ધ ગણાય એટલે ‘ભરથારને ભાડે’ આપવાનો કરાર કોર્ટે નામંજૂર કરવાની સાથે પેલા ત્રણેય વિરુદ્ધ કેસ પણ ઠપકારી દીધો છે! આ કેસ બડો ઈન્ટરેસ્ટિંગ છે. થાઈલેન્ડના સોશિયલ મીડિયામાં પણ આ કિસ્સો ગાજી રહ્યો છે એટલે આને લગતા હવે કોઈ લેટેસ્ટ ન્યૂઝ આવશે તો ‘ઈશિતા’ તમારા સુધી જરૂર પહોંચાડશે.

### ‘હોંચી...હોંચી’કી બોલબાલા!

‘ગધેડો’ શબ્દ કેટલીકવાર આપણે સામેવાળાને ‘મૂરખ’ કહેવા માટે વાપરીએ છીએ. કામમાં ગરબડ કરે કે લોચો મારે ત્યારે ભૂલ દર્શાવવા કે આપણી ખીજ ઉતારવા પેલાને ગદર્ભના પર્યાયી એવા આ શબ્દથી નવાજીએ. હવે આ તાજા સમાચાર વાંચો. એક અહેવાલ કહે છે : ‘ગુજરાતમાં ગધેડા ઘટી રહ્યા છે!’ સમાચાર આશ્ચર્ય કરતાં



રમૂજ ઉપજાવનારા વધુ છે, કારણ કે આપણે બધા જાણીએ-માનીએ છીએ કે ગુજરાતી પ્રજા વેપારી છે - શાણી છે - બેવકૂફીભર્યા કામ ઓછાં કરે છે અને આપણા ગુજરાતમાં આવા માણસો જો ઘટી રહ્યા હોય તો હરખની વાત છે. જો કે, બીજી બાજુ આપણે ત્યાં ‘ગધેડાની ઘટતી જતી વસતિ’ એક રીતે સારા સમાચાર ન ગણાય. પશુ-પ્રાણીની છેલ્લામાં છેલ્લી ૩ વર્ષની ગણત્રીના અહેવાલ મુજબ : ગુજરાતમાં સિંહ - વાઘ - દીપડા - નીલગાય જેવાં પ્રાણીની વસતિ વધી રહી છે, પણ ગધેડાની ઘટી રહી છે. આમ જૂવો તો દેશભરમાં ગદર્ભની સંખ્યામાં ૬૧% ટકા ઘટાડો નોંધયો છે. એમાં ગુજરાતમાં આ પ્રમાણ ૭૧% છે, જે ચિંતાજનક ગણાય. આંકડાની ભાષામાં વાત કરીએ તો જે દેશમાં એક સમયે ૨૦૧૨-૧૩માં ૩૦ લાખ ગધેડા હતા એવા આપણા દેશમાં આજે માત્ર ૧ લાખ ૧૨ હજાર ગધેડા રહ્યાં છે, જેમાં ગુજરાતમાં ઘટીને એની સંખ્યા તો માંડ ૧૧,૨૯૧ ની જ રહી છે. (બસ! ‘ઈશિતા’ને અંગત રીતે આ આંકડામાં પણ ગરબડ લાગે છે..) ખેર, આ બધા આંકડા એક સરકારી એજન્સીના છે. આપણે ત્યાં ગધેડાની સંખ્યા અચાનક આ રીતે ઘટવા કેમ માંડી એનુ પગેરું પણ કાઢ્યું ત્યારે જે વિગતો જાણવા મળી એ ખરેખર ચોંકાવનારી છે. આપણા દેશનાં ગદર્ભને ‘કિડનેપ’ કરીને એટલે કે ચોરીને વાયા નેપાલ એને ગેરકાયદે ચીન પહોંચાડવામાં આવે છે. ગધેડાનું સ્વાદિષ્ટ માંસ ચીનાઓને બહુ ભાવે છે એટલે એની હત્યા કરી એનું માંસ ચીનની માર્કેટમાં વેંચાય છે. આપણે ત્યાં ગદર્ભના માંસ પર GST ન હોવાથી ગધેડાના તસ્કરો ભારતમાં જ એની હત્યા કરીને બિહાર-નેપાળ સરહદથી એનું માંસ ચીન પહોંચતું કરે છે. મારવામાં આવેલાં ગધેડાની ચામડીનો પણ ધમધોકાર ધંધો છે. એની ચામડીમાંથી ‘ઈઝા ડો’ નામનો પદાર્થ તૈયાર થાય છે. એમાંથી ચીનાઓ એક ખાસ પ્રકારની દવા બનાવે છે. આ દવા જાતીય આવેગ (સેક્સ પાવર) વધારનારી હોવાથી એ ત્યાં ધૂમ ખપે છે. આના કારણે પણ ચીનમાં ગધેડાની ડિમાન્ડ વધી રહી છે. કહે છેને કે જે ચીજનું ઉત્પાદન વધુ હોય એની નિકાસ વધુ. પાકિસ્તાન ગધેડાની બાબતમાં આપણા કરતાં વધુ ‘શ્રીમંત’ છે. ત્યાં ગદર્ભની વસતિ આજે એક અંદાજે અધધધ ૬૦ લાખની છે! અને એટલે જ આજકાલ પાકિસ્તાન એના જિગરી મિત્ર એવા ચીનને ઢગલાબંધ ગધેડા મોકલી રહ્યું છે!

### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» બેંગ્કોકની એક બૈરી પોતાના પતિને એની પ્રેમિકાને ભાડે આપીને દર મહિને રોકડા કરવા કરાર કરે છે તો બીજી તરફ આપણા ઉત્તરપ્રદેશની અન્ય એક મહિલા કોઈ બીજી દિશામાં જ વિચારે છે. ત્યાંના બસ્તી જિલ્લાની આ ઘટના છે. થોડા સમય પહેલાં પરણેલા એક યુગલને એકમેક સાથે પ્રેમ બહુ. પતિ ઘરકામમાં પત્નીને મદદરૂપ થાય, સિવાય કે જમ્યા પછી એઠાં વાસણ ઘસવામાં. આ કામ એ દર વખતે ઈન્કારી દે. આવા ઈન્કારથી ત્રાસેલી પત્નીએ પોલીસ સ્ટેશને ફોન કરીને ફરિયાદ કરી કે ‘સાહેબ, મારો ધણી વાસણો ધોઈ નથી આપતો. એને સમજાવો’ આવી વિચિત્ર ફરિયાદ મળતા પોલીસ ટીમ જઈ પહોંચી પેલા યુગલને ઘેર પછી પતિને સમજાવ્યો (સામ - દામ - દંડ - ભેદથી !) પતિ માની ગયો, પણ એક શરતે કે એ એકાંતરે વાસણો ઘસીને ધોઈ આપશે.. ને પત્ની પણ માની ગઈ!

------------------------

» મહારાષ્ટ્રની અજંતા ગુફાઓ દેશ-પરદેશના પર્યટકોમાં લોકપ્રિય છે, અહીં પ્રવાસીઓ આવતા રહે છે, પણ એમના પર એક નવા જ પ્રકારનો હુમલો થઈ રહ્યો છે. વનવિભાગે તાજેતરમાં જાહેર કર્યું છે કે અહીંની ગુફાઓમાં પરફ્યુમ છાંટીને આવશો તો ગુફાની તોફાની મધમાખીઓ તમારા પર હુમલો કરશે. આવી અનેક ઘટના અહીં બની છે માટે સુવાસિત અત્તર કે પરફ્યુમ સ્પ્રેનો ઉપયોગ અહીં સદંતર ટાળો!

### ઈશિતાની એલચી

**કેટલાંક ઘરમાં સુખ વહેંચવાનું દુઃખ હોય છે તો**
**કોઈ કોઈ ઘરમાં દુઃખમાં ભાગ પાડવાનું સુખ હોય છે!**